પશ્ચિમ રેલવે

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, મુંબઈ સેન્ટ્રલ મંડળ, પશ્ચિમ રેલવે મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, વાણિજ્ય વિભાગ, પાર્કિંગ શાખા, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્યઃ મુંબઈ મંડળ અંતર્ગત તમામ વાહનો માટે પે એન્ડ પાર્કનું સંચાલન હરાજી

કેટલોગ નંબરઃ BCT-PKG-2627-29	ઈએમડી- બોલી મૂલ્યના 10 ટકા
ઇ-હરાજીની તારીખઃ 19-11-2026	ઇ-હરાજીનો સમયઃ 15:00 કલાકે

ક્રમ	સ્ટેશન	વિસ્તાર	ક્ષેત્રફળ (ચોરસ મીટર)	ઇ-હરાજીની તારીખ
1	નંદુરબાર	દક્ષિણ	370	19-11-2026
2	અમલનેર	દક્ષિણ સર્ક્યુલેટિંગ એરિયા	409	19-11-2026
3	સિંધખેડા	ઉત્તર સર્ક્યુલેટિંગ એરિયા	767	19-11-2026

નોંધઃ વધુ વિગતો માટે, સંભવિત બોલી લગાવનારાઓને આઈઆરઈપીએસ વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. સાઇટ્સ સંબંધિત માહિતી ઉપરોક્ત કેટલોગની લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0812

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly

પશ્ચિમ રેલવે

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, મુંબઈ સેન્ટ્રલ મંડળ, પશ્ચિમ રેલવે મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, વાણિજ્ય વિભાગ, પાર્કિંગ શાખા, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્યઃ મુંબઈ મંડળ અંતર્ગત તમામ વાહનો માટે પે એન્ડ પાર્કનું સંચાલન હરાજી

કેટલોગ નંબરઃ BCT-PKG-2627-30	ઈએમડી- બોલી મૂલ્યના 10 ટકા
ઇ-હરાજીની તારીખઃ 27-11-2026	ઇ-હરાજીનો સમયઃ 15:00 કલાકે

ક્રમ નં.	સ્ટેશન	સ્થળ	વિસ્તાર (ચોરસ મીટર)	ઇ-હરાજીની તારીખ
1	વ્યારા	દક્ષિણ	935.42	27-11-2026
2	ડહાણુ રોડ	દક્ષિણ-પૂર્વ	407.34	27-11-2026

નોંધઃ વધુ વિગતો માટે, સંભવિત બોલી લગાવનારાઓને આઈઆરઈપીએસ વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. સાઇટ્સ સંબંધિત માહિતી ઉપરોક્ત કેટલોગની લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0811

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly

-: જાહેર નોટીસ :-

હું નીચે સહી કરનાર, નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત. આથી તમામ હિત ધરાવતી અને સંબધિત વ્યક્તિઓને જાણ કરૂં છું કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૮/૧૦/૨૦૨૬ ના અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૬ નો ૨૦૨/નરચ- ૧૦૨૦૧૮-૪૬૩૩-લ થી અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ આખરી કરવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ નગર રચના યોજના એકમ-૧, સુરતના નગર નિયોજક-૧ ને નગર રચના અધિકારી તરીકેની નિમણુંકના સુધારા આદેશ કરવામાં આવેલ છે. જે અધિસુચના તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ સરકારશ્રીના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B વોલ્યુમ LXVIIના પાના નં.૩૦૬-૧ થી ૩૦૬-૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેથી નીચે દર્શાવેલ નગર રચના યોજનાઓમાં નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ સ્વતંત્ર કામગીરી કરવાની થાય છે. આમ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મે તા.૦૩/૧૧/૨૦૨૬ ના મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે. અત્રેની કચેરી હસ્તકની નગર રચના યોજના નં.૮૨(તાતીઝગડા-એરથાણ) છે.

આથી હું જાહેર નોટીસ આપું છુ કે, સદર યોજનાની આખરી કરવાની કામગીરી હવે પછી અત્રેની કચેરીમાં કરવાની થતી હોય નીચે જણાવેલ સરનામે તે અંગેના પત્ર વ્યવહાર/ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ :-ઉપરોક્ત તમામ નગર રચના યોજનાઓના જમીન માલિકી/ હિત સંબંધ ધરાવતા વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીના રેકર્ડ મુજબના આપશ્રીના સરનામામાં ફેરફાર થયેલ હોય તો આપશ્રીના નવા સરનામાની વિગત અત્રેની કચેરીમાં લેખિતમાં જાણ કરવા વિનંતી છે.

સહી.

નં.નરચ/એકમ-૧/ન.નિ.જાહેરનોટીસ/ (એચ.કે.પરમાર)
સ્થળ : સુરત નગર રચના અધિકારી અને
તારીખ : /૧૧/૨૦૨૬ નગર નિયોજક-૧,
કચેરીનું સરનામું સુરત નગર રચના યોજના, એકમ-૧, સુરત.
પ્રવર નગર નિયોજક અને નગર રચના અધિકારીશ્રીની કચેરી,
સુરત નગર રચના યોજના એકમ-૧,પાંચમો માળ, નવુ સુડા ભવન, વેસુ,
સુરત-૩૯૫૦૦૭, ઇ-મેલ : stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંક.માહિતી-સૂરત/૮૮૮/૨૦૨૬

-: જાહેર નોટીસ :-

હું નીચે સહી કરનાર, નગર રચના અધિકારી અને નગર નિયોજક-૨, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત. આથી તમામ હિત ધરાવતી અને સંબધિત વ્યક્તિઓને જાણ કરૂં છું કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૮/૧૦/૨૦૨૬ ના અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૬ નો ૨૦૨/નરચ- ૧૦૨૦૧૮-૪૬૩૩-લ.થી અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ આખરી કરવા માટે,ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ સુરત નગર રચના યોજના એકમ-૧, સુરતના નગર નિયોજક-૨ ને નગર રચના અધિકારી તરીકેની નિમણુંકના સુધારા આદેશ કરવામાં આવેલ છે. જે અધિસુચના તા.૨૮/૧૦/૨૦૨૬ ના રોજ સરકારશ્રીના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B વોલ્યુમ LXVII] ના પાના નં.૩૦૬-૧ થી ૩૦૬-૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેથી નીચે દર્શાવેલ નગર રચના યોજનાઓમાં નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ સ્વતંત્ર કામગીરી કરવાની થાય છે. આમ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મે તા.૦૬/૧૧/૨૦૨૬ ના શુક્રવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

અત્રેની કચેરી હસ્તકની નગર રચના યોજનાઓ નીચે મુજબ છે.
(૧) ૫૩ (વેડછા-છેડછા-સાબરગામ-સણીયા હેમાદ)

આથી હું જાહેર નોટીસ આપું છુ કે, સદર યોજનાની આખરી કરવાની કામગીરી હવે પછી અત્રેની કચેરીમાં કરવાની થતી હોય નીચે જણાવેલ સરનામે તે અંગેના પત્ર વ્યવહાર/ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ :-ઉપરોક્ત તમામ નગર રચના યોજનાઓના જમીન માલિકી/ હિત સંબંધ ધરાવતા વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીના રેકર્ડ મુજબના આપશ્રીના સરનામામાં ફેરફાર થયેલ હોય તો આપશ્રીના નવા સરનામાની વિગત અત્રેની કચેરીમાં લેખિતમાં જાણ કરવા વિનંતી છે. .

સહી.

નં.નરચ/એકમ-૧/ન.નિ.-૨ જાહેરનોટીસ/ (એમ.સી.રાઠોડ)
સ્થળ : સુરત નગર રચના અધિકારી અને
તારીખ : ૦૬/૧૧/૨૦૨૬ નગર નિયોજક-૨,
સુરત નગર રચના યોજના, એકમ-૧,
કચેરીનું સરનામુંઃ - સુરત.
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૨,
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત પાંચમો માળ, સુડા ભવન,
આગમ આર્કેડની સામે, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭,
ઇ-મેલ : stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંક.માહિતી-સૂરત/૮૮૯/૨૦૨૬

જાહેર નિવિદા
પંડોર વંકાછ ગ્રુપ ગ્રામ પંચાયત
જન્મ મરણ અન લગ્ન રેકોર્ડની પુનઃરચના બાબત જાહેરનામું

આથી જન્મ-મરણ રજીસ્ટ્રાર પંડોર વંકાછ ગ્રુપ ગ્રામ પંચાયત મારફત જાહેરનામાં દ્વારા જાણ કરવામાં આવે છે કે મે નાયબ મુખ્ય રજીસ્ટ્રાર (જન્મ મરણ) અને અધિનિયામક (આંકડા) ગાંધીનગર કચેરીના પરિપત્ર ક્રમાંક એસ.બી.એચ આઈ/બી એન્ડ ડી એક્ટ/જન્મ-મરણ/વી એસ./૪૦૯૯/૨૦૧૩ તા.૧૩/૦૮/૨૦૧૩ થી આવેલ માર્ગદર્શન સુચના અન્વયે મે જીલ્લા રજીસ્ટ્રાર (જન્મ-મરણ નોંધણી) અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત, વલસાડના પત્ર નં dpvalsad/૦૬૩૦/૧૦/૨૦૨૬ તારીખ-૧૭/૧૦/૨૦૨૬ તથા તાલુકા રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત કચેરી નાનાપોંઢાનાં પત્ર નં.TPNPONDHA/૦૨૯૩/૧૦/૨૦૨૬ તારીખ-૨૮/૧૦/૨૦૨૬ થી આવેલા પરવાનગી મુજબ પંડોર વંકાછ ગ્રુપ ગ્રામ પંચાયતમાં જન્મ-મરણ નોંધ રજીસ્ટર સને વર્ષ-૧૯૬૭, ૧૯૬૮, ૧૯૭૦ થી ૨૦૨૫ અને વર્ષ ૨૦૨૬ નું ચાલુ (પંડોર તથા વંકાછ) તથા લગ્ન રજીસ્ટર ૨૦૧૪ થી ૨૦૨૬ સુધી નું ચાલુ રજીસ્ટર (પંડોર તથા વંકાછ) અંત્યંત જર્જરિત, વાંચવામાં અસમર્થ તથા નાશ પામેલ હાલત માં હોવાથી અરજદારની માંગણી મુજબના જન્મ-મરણ અને લગ્ન નોંધના દાખલા આપવાના હેતુસર પરીપત્રમાં નિયત કરેલ જન્મ-મરણ અને લગ્ન રેકર્ડનું પુનઃગઠન કરવા મેં નાયબ મુખ્ય રજીસ્ટ્રાર જન્મ-મરણ /અને અધિનિયામક (આંકડા) ગાંધીનગર કચેરીના પરીપત્ર ક્રમાંક એસ.બી.એચ.આઈ./બી એન્ડ ડી એક્ટ/જન્મ-મરણ/વી.એસ./૪૦૯૯-૪૦૨૯,૪૫૨૯/૨૦૧૩ તા.૧૩/૦૮/૨૦૧૩ માં દર્શાવેલ પુરાવા અનુસાર હોય તો અને રજીસ્ટારશ્રીને સંતુષ્ટ થયેથી નોંધ કરવા અને રેકર્ડનું પુનઃગઠન કરવામાં આવશે.

જે મતલબનું આ જાહેરનામું બહાર પાડી અરજદાર પાસેથી જન્મ-મરણ અને લગ્ન નોંધ કરવા બાબતના પુરાવા સાથેની અરજી મળ્યેથી નોંધ કરવામાં આવશે. જેની સર્વે લોકો નોંધ લેશે. ઉપરોક્ત જાહેરનામાં દ્વારા હાથ ધરવામાં આવતી કાર્યવાહી સરકારશ્રીના પરીપત્ર તથા કાયદા અંતર્ગત નોંધ કરવામાં આવેલ છે. એવું માલુમ થશે તો થયેલ નોંધ રદ કરવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અરજીઓ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૯૦ દિવસ સુધીમાં સ્વીકારવામાં આવશે.

સરનામું
જન્મ મરણ અને લગ્ન રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રી ગ્રુપ ગ્રામ પંચાયત પંડોર વંકાછ
તા. નાનાપોંઢા જી. વલસાડ

નં. માહિતી/વલસાડ/૫૬૫/૨૦૨૬

ખેતીની જમીન અંગે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેર ચેતવણીનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાહેર ચેતવણીનો જવાબ જાહેર ચેતવણી દ્વારા આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીક ઉધનાના મોજે ગામ **સચીન**નાં **બ્લોક/સર્વે નં.૨૬** વાળી જમીન જેનુ ક્ષેત્રફળ **૩૨૩૭ ચો.મી.** ખેતીની જમીન **જ્યોત્સનાબેન તે દુર્લભભાઈ કેશવભાઈની છોકરી વિગેરેનાઓ** નામે ચાલી આવેલ છે. ગત **તા.૦૭/૧૧/૨૦૨૬**ના રોજ **એડવોકેટ મુકેશ એસ. પટેલ, સંજય આર પટેલ તથા નચલ એમ.પાંડવ**ના મારફતે ગુજરાતમિત્ર દૈનિક વર્તમાનપત્રમાં સદરહું જમીન અંગે જાહેર ચેતવણી આપવામાં આવેલ છે. જે જાહેર ચેતવણી તદન ખોટી, ગેરકાયદેસરની અને પાયાવિહોણી છે. આમ, હમારા અસીલોએ સદરહું જમીન બાબતે કોઈ ત્રાહિત ઈસમોને વહીવટ કરવા કોઈ લખાણો આપેલ ન હોવા છતાં હમારા અસીલો વતી કોઈક ત્રાહિત ઈસમ **મુકેશભાઈ બાઘાભાઈ મકવાણાનાએ** હમારા અસીલ વતી પૈસા સ્વીકારેલ છે જે બાબતે હમારા અસીલોને કોઈપણ જાત- માહિતી નથી કે હમારા અસીલોએ કોઈને રકમ સ્વીકારવા જણાવેલ નથી તથા હમારા અસીલે પણ કોઈ રકમ સ્વીકારેલ નથી તેમ છતાં દૈનિક વર્તમાનપત્રમાં જાહેર ચેતવણી આપવામાં આવેલ હોય જે જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે જેથી હમારા અસીલ દ્વારા આ જાહેર ચેતવણીનો જાહેર જવાબ આપવાની જરૂર પડેલ છે. અમારા અસીલ **જ્યોત્સનાબેન તે દુર્લભભાઈ કેશવભાઈની છોકરી વિગેરેનાઓ** સદર જમીનના સ્વતંત્ર માલીક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલા છે. તે સિવાય અન્ય કોઈનો લાગ-ભાગ, હકક, હિસ્સો ચાલી આવેલ નથી જેથી હમારા અસીલોની લેખિત સંમતિ અને જાણ વિના કોઈ પણ ઈસમે સદરહું જમીન બાબતે વેચાણ, વ્યવહાર યા અન્ય કોઈ કરાર લખાણો કરવા કરાવવા નહી અને તેમ છતાં જો આવા કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તેની સામે હમારા અસીલ યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરશે અને ઉપરોકત જણાવેલ વિગતવાળી જમીન કોઈ પણ ઈસમ વેચાણ રાખશે તો તેઓ શુધ્ધબુધ્ધિ પૂર્વકના ખરીદનાર ગણાશે નહીં તથા તેઓને તકરાર સિવાય કાંઈ મળશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી. સદરહું જાહેર ચેતવણી કોઈ નિર્દોષ વ્યક્તિને નાહકના પ્રકરણમાં સંડોવાય ન પડે તે હેતુથી પ્રસિધ્ધ કરાવેલ છે જેની નોંધ લેવી. **તારીખઃ-૧૪/૧૧/૨૦૨૬**

જતીન જે. પરમાર તે જ્યોત્સનાબેન તે દુર્લભભાઈ કેશવભાઈની છોકરી વિગેરેના એડવોકેટ
ઓફિસઃ-૧૨૮, બીજો માળ, મયુરનગર, કામરેજ ચાર રસ્તા, નવાગામ,
તા. કામરેજ, જી. સુરત મો.નં.-99093 34132

સુરત ડીસ્ટ્રીકટ, તા.બારડોલીના, મોજે ગામ : સેજવાડના બ્લોક નંબર : ૫૯૧ થી નોંધાયેલી ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત : ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા : બારડોલીના મોજે ગામ : સેજવાડના બ્લોક/સર્વે નંબર : ૫૯૧, જેનું જરાયત ક્ષેત્રફળ હે.૪, આરે. ૨૦, ૮૮ ચો.મી. યાને ૪૨૦૮૮ ચોરસ મીટર છે, જેનો ખાતા નંબર : ૧૦ તથા આકાર રૂા.૪૫.૫૨ પૈસા થી નોંધાયેલ જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન તેના લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો, મુળ હક્કો તથા પરાપૂર્વથી ચાલી આવતા આવવા જવાના રસ્તાના, તેમજ પાણી નિકાલના હક્ક, અધિકાર સહિતની જમીન તેના માલીક (૧) કમુબેન તે બાલુભાઈ નાથુભાઈની ઘણીયાણી (૨) હર્ષિદા બાલુભાઈ પટેલ ની પુત્રી તથા રાજેન્દ્ર કારા ની પત્ની (૩) દર્પણભાઈ બાલુભાઈ પટેલ (૪) મેહુલકુમાર બાલુભાઈ પટેલનાઓની સંયુક્ત માલિકીની, પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટી, વ્યવસ્થા, જાત વપરાશની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી મજકુર જમીન શાંત, પ્રત્યક્ષ કબજા સહિત તમામ હક્કો સાથે અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, જેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હક્ક-હિસ્સા, દર-દાવા, જપ્તી, અવલ-જપ્તી, લેણુ-બોજા, સોદા, સાટાખત, પાવર આફ એર્ટોની કે જવા-આવવા, કે પાણી નિકાલનો કે બીજા કોઈ રીતના ઈઝમેન્ટના હક્કો કે કોઈપણ પ્રકારનો હક કે અધિકાર હોય કે અન્ય કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૫ (પાંચ) માં તે બાબતના પુરાવા સહીત લેખિતમાં વાંધા દસ્તાવેજી પુરાવા સહિત રજુ કરી જાણ કરવી. ઉપરોક્ત સમય મર્યાદામાં વાંધા રજૂઆત આપવામાં નહીં આવશે તો હમારા અસીલ મજકુર જમીન કોઈના કોઈપણ પ્રકારના ચાર્જ કે બોજામાં નથી તથા મજકુર જમીનમાં કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ કે અધિકાર નથી અને જો હોય તો તે આથી જતા યાને વેવ કરેલ છે એવુ માની હમારા અસીલ ટુંક સમયમાં મજકુર જમીનનો પુરેપુરો વેચાણ અવેજ ઉપરોકત માલીકને ચુકવી વેચાણની કાર્યવાહી સંપૂર્ણ કરાવી લઈ ઉપરોકત માલીક પાસેથી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો કરાવી લેનાર છે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

ઠેકાણુઃ મુ.પો.નિયોલ, સાબરગામ કોલેજની પાસે, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૩૨૫ મો.નં.૯૮૨૪૭-૬૪૬૬૫
પરમેશ્વરપુરી જી.વૈદ્ય તે ખરીદનારના એડવોકેટ

ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.જેની વિગતો www.tender.nprocure.com તા.૧૭-૧૧-૨૦૨૬ના રોજ થી તા.૦૩-૧૨-૨૦૨૬ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

અ. નં	કામનું નામ	(૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) કલાસ (૫) ગ્રાન્ટ નો હેડ
૧.	ઉમરગામ નગપાલિકાના વિવિધ જગ્યાયે સફાઈ અને સુશોભીત કરવાનુ કામ. (પ્રથમ પ્રયત્ન)	૭૦,૫૩,૯૮૪.૦૦ ૭૦,૫૦૦.૦૦ ૨,૪૦૦.૦૦ ''ડી'' કલાસ અને તેની ઉપરની શ્રેણી સ્વચ્છ અને સુંદર શહેર યોજના ૨૦૨૬-૨૭

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી.અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૦૭-૧૨-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/ કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૦૮-૧૨-૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.

નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ.નંબર ફરજીયાત લખવાનો રહેશે.જેની નકલ ડોકયુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી.લાગું પડશે.

ગૌરવભાઇ સી.કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
ખુશ્બુબેન એસ.જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
એ/એચ.સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૫૬૪/૨૦૨૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ઓલપાડ, મોજે ગામ માસમાના બ્લોક નં.૨૨૨ થી નોંધાયેલી બિનખેતીની જમીનમાં ઔદ્યોગિક હેતુસર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૮, ૯ તથા ૧૦ વાળી મીલકત તેના મુળ માલીકો ડાહયાભાઈ પુંજયાભાઈ વિગેરેના પાસેથી બિપીનચંદ્ર રમણલાલ કાબરાવાલાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૧૨૮, તા.૨૯/૦૮/૧૯૮૮ ના દસ્તાવેજથી ખરીદ કરેલી ત્યારબાદ, બિપીનચંદ્ર રમણલાલ કાબરાવાલાએ પ્લોટ નં.૮ તથા ૯ વાળી મીલકત તુષાર જશવંતલાલ શાહ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૩૧, તા.૫/૨/૧૯૯૧ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. તેમજ પ્લોટ નં.૧૦ વાળી મીલકત બિપીનચંદ્ર રમણલાલ કાબરાવાલાએ રાજેશકુમાર બાબુભાઈ મરચન્ટને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૩૨, તા.૫/૨/૧૯૯૧ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી અને તે મુજબ, સદરહુ પ્લોટ નં.૮ તથા ૯ વાળી મીલકત તુષાર જશવંતલાલ શાહએ તેમની માલીકી ચાલી આવેલ હોવાનું જણાવી તથા દસ્તાવેજ નં.૧૧૨૮, તા.૨૯/૦૮/૧૯૮૮ તથા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૩૧, તા. ૫/૨/૧૯૯૧ વાળા દસ્તાવેજો તેઓનાથી ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી તથા પ્લોટ નં.૧૦ વાળી મીલકત રાજેશકુમાર બાબુભાઈ મરચંન્ટએ તેઓની માલીકી ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ પ્લોટોવાળી મીલકત કલીયર અને માર્કેટેબલ ટાઈટલથી તમામ બોજા રહિત મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. આમ, સદરહુ પ્લોટોવાળી મિલકતમાં અન્ય કોઈ પણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, લાગભાગ, દરદાવો, મોર્ગેજ, ટાંચ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે સદરહુ પ્લોટોવાળી મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ માની અમારા અસીલ સદરહુ પ્લોટોવાળી મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. તે પછી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

મિતેશ બી. મોદી તે ખરીદનારના એડવોકેટ
ઠે. ૭૯, ગાંધી હાઉસ, નર્મદનગર, આદર્શ ભવનની પાસે, સુરત ટેનીશ કલબની ગલીમાં, અઠવાલાઇન્સ, સુરત. મો.નં. ૯૯૭૯૪૫૪૦૯૫

મોજ : ભરથાણા કોસાડ ના બ્લોક નં.૯૪ વાળી જમીન બાબતે પ્રસિદ્ધ થયેલ જાહેર નોટીસનો વળતો જવાબ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ : સુરત, તા.અઠ્ઠામા ના મોજે ગામ : **ભરથાણા કોસાડ** ના **ખેડખાતા નં.૨૬૧** માં આવેલ **સર્વે નં.૧૦૪, બ્લોક નં.૯૪** વાળી ખેતીની જમીન, જેનું કુલ ક્ષેત્રફળ **હે. આરે. ૧-૭૯-૦૭ ચો. મી.**, જેનો **રે. આકાર રુ.૨૮.૧૯ પૈસા** વાળી ખેડખાતાની **જૂની શરત (જુ.શ.)** ખેતીની જમીન બાબતે બકુલાબેન તે અંબેલાલ નાગરજી દેસાઈની પુત્રી અને અનિલભાઈ દેસાઈની પત્ની દ્વારા ગત તા.૨૫/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર, દૈનિક ન્યુઝ પેપરમાં આપેલ જાહેર નોટીસનો અમો નીચે મુજબ જવાબ/ખુલાસો આપીએ છીએ.

મજકુર જમીનના કબજેદાર તરીકે વર્ષ : ૧૯૮૩ અગાઉથી અંબેલાલ નાગરજી નાઓ ચાલી આવેલ હતા, ત્યારબાદ તેઓનું તા.૧૩/૦૬/૧૯૮૩ ના રોજ અવસાન થવાથી તેમના વારસો (૧) પાર્વતીબેન અંબેલાલ નાગરજીની વિધવા પત્ની, (૨) ઠાકોરભાઈ અંબેલાલ, (૩) દોલતભાઈ અંબેલાલ, (૪) કુસુમબેન અંબેલાલ, (૫) શાંતાબેન અંબેલાલ, અને (૬) બકુલાબેન અંબેલાલ કરીને વારસદારો હતા, તે પૈકી (૧) કુસુમબેન અંબેલાલ, (૨) શાંતાબેન અંબેલાલ, અને (૩) બકુલાબેન અંબેલાલ નાએ પોતાનો હકક, હિસ્સો ઉઠાવી લેવા આપેલ સમંતિ દર્શક જવાબના આધારે બાકીના વારસો (૧) પાર્વતીબેન અંબેલાલ નાગરજીની વિધવા પત્ની, (૨) ઠાકોરભાઈ અંબેલાલ, (૩) દોલતભાઈ અંબેલાલ ના નામો વારસાઈ હકકે દાખલ થયેલ, જે અંગેના ફેરફારની નોંધ ગામ દક્તર ગામ નમુના નં.૧૨૪૯, તા.૨૭/૦૬/૧૯૮૩ ના રોજ દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ પાર્વતીબેન અંબેલાલ નાગરજીની વિધવા પત્નીનું તા.૧૫/૦૨/૧૯૮૬ નું અવસાન થવાથી તેમના વારસદારોએ આપેલ સમંતિ દર્શક જવાબના આધારે પાર્વતીબેન અંબેલાલ નાગરજીની વિધવા પત્નીનું નામ કમી કરી (૧) ઠાકોરભાઈ અંબેલાલ, (૨) દોલતભાઈ અંબેલાલ ના નામો યથવાત રાખેલ, જે અંગેના ફેરફારની નોંધ ગામ દક્તર ગામ નમુના નં.૧૩૨૨, તા.૦૫/૧૨/૧૯૮૬ ના રોજ દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન (૧) ઠાકોરભાઈ અંબેલાલ, (૨) દોલતભાઈ અંબેલાલ પાસેથી **દિનેશભાઈ ગોરધનભાઈ રાદડીયા** એ ખરીદ કરેલ, જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મે.સુરતના કતારગામ સબ રજી. સમક્ષ એક નંબરની બુકમાં અનુક્રમ નં.૪૫૨૦, તા.૦૧/૦૪/૨૦૦૬ ના રોજ ધારાસર નોંધવામાં આવેલ છે. જે અંગેના ફેરફારની નોંધ ગામ દક્તર ગામ નમુના નં.૨૨૩૯, તા.૦૮/૧૧/૨૦૦૬ ના રોજ દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રમાણિત કરવામાં આવેલ. આમ, ત્યારથી મજકુર જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે દિનેશભાઈ ગોરધનભાઈ રાદડીયા ચાલી આવેલ છે.

આમ, તમોની હકીકત મેળાપીપણા વાળી, ફેબ્રીકેટેડ અને આર્થીક લાભ મેળવવાનો બદ ઈરાદો સિદ્ધ કરવા માટેની પૂર્વ આયોજીત અને કાવતરા વાળી છે, તેથી તમોની ફેબ્રીકેટેડ તકરાર નામ. કોર્ટ, રેવન્યુ ઓથોરીટી સમક્ષ ટકવા પાત્ર પણ નથી તેમજ તેનો અમો અસ્વીકાર કરીએ છીએ. આમ, તમોએ આપેલ જાહેર નોટીસ પરત લઈ તે બાબતની જાણ અમોને કરવી અન્યથા તમોની આ ફેબ્રીકેટેડ હકીકતની સામે અમો કાયદાકીય પ્રક્રિયા કરીશું તેની ગંભીર નોંધ લેશો. **તા.૧૪/૧૧/૨૦૨૬**

ઓફીસ : ૪૧૦, ચોથો માળ, રાજ ઈમ્પીરીયા, વ્રજચોક, સરથાણા જકાતનાકા, સુરત - ૩૯૫૦૦૬. મો.૯૮૯૮૨૨૦૦૨૫.
વિમલકુમાર રાદડીયા (એડવોકેટ)
ઉર્વિશા રાદડીયા (એડવોકેટ & નોટરી)

Dakshin Gujarat Vij Company Limited

CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

DGVCL

Tender Notice

Tenders are invited for "Construction of Compound Wall and other misc works at newly allotted land for Sachin Division under Surat City Circle". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Civil/Sachin Dn/Compound wall/334	Rs: 1,27,44,424.80 (Including GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tenders. **ACE (P), DGVCL, Surat.**

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ
નિવિદા નં.૦૯, સને ૨૦૨૬-૨૭
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ દ્વારા સામુહિક કુવા બનાવવાના કુલ - ૬ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૧૧.૮૭ લાખથી રૂ. ૪૭.૭૧ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી SBID ફોર્મમાં ટેન્ડરો મગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૬/૧૧/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તારીખઃ ૦૪/૧૨/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી.
૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ	તારીખ-૧૪/૧૨/૨૦૨૬ સુધી કચેરી સમય દરમિયાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.)
૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ	તારીખઃ૧૭/૧૨/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે, કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ. (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪)

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે.

નં. માહિતી/વલસાડ/૫૬૨/૨૬

વેચાણ અંગે જાહેર નોટીશ

આ નોટીશ દવારા જણાવવાનું કે મોજે ગામ હથુરણ, તા. માંગરોળ, જી. સુરત ના બ્લોક/સરવે નંબર : ૯૨૦, સર્વે નંબર :-૯૨૨, ખાતા નંબરઃ ૧૯૬૧, જેનું કુલ ક્ષેત્રફળ હે.-આરે. ૨-૫૦-૦૦ ચો.મી., જેનો આકાર રૂા- ૨૨.૪૫ પૈસા વાળી જુની શરતની જરાયતવાળી ખેતી ની જમીન (૧) ફરહાના ઈસ્માઈલ ગોરા મુલ્લા તથા (૨) ફાતીમા ઈસ્માઈલ ગોરા મુલ્લા નાઓના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે સદર ઉપરોકત જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકકી કરેલ છે. તેથી સદરહું જમીન અંગે જો કોઈ વ્યકતી, ઈસમ, ટ્રસ્ટ, મંડળી કે સંસ્થા ખાધા ખોરાકીનો, ઈઝમેન્ટ નો યા માલીકી કબજા, ગીરો, લીયન, દાવા-દુવી, તકરાર, હુકમ યા હુકમ નામુ વગેરે હોઈ તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દીન ૦૭ માં લેખીતમાં વાંધા સહીત જાણ કરાવી જો તેમ કરવામાં કસુર થશેતો ઉપરોકત વર્ણન વાળી મિલકતના અમારા અસીલ પાકા લખાણો તથા દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈપણ વ્યકિત નો દર દાવો કે હકક, હીત, હીસ્સો, વાંધો વિરોધ ચાલશે નહી. તેની તમામ લાગતા વળગતા એ નોંધ લેવી.

નરેશ ડી. ગોહેલ - ખરીદનારના એડવોકેટ
ઓઃ નવાગામ, એન એચ. ૪૮ દાદા ભગવાન મંદિર ની સામે
કામરેજ ચાર રસ્તા, જી. સુરત. મોઃ ૯૭૩૭૮૭૨૫૫૧

મોજે : ખરોડ, તા. અંકલેશ્વર, જી. ભરૂચના સર્વે નં. ૫૮/૨ તથા ૬૦/૧, બ્લોક નં. ૭૩૪ તથા ૭૩૫ વાળી જુની શરતની જમીન અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ભરૂચ ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ તાલુકા અંકલેશ્વરના મોજે : ખરોડની જમીન નીચે જણાવેલ ખેતીની ગામ દફતર મુજબની જુની શરતની જમીનો કે જેના માલીકો સહીતની વિગતો તથા વર્ણન નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ છે અને તેઓ જ સદર જમીનોના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર હોવાનું જણાવે છે અને તે રીતે સદર જમીનોના સ્વતંત્ર અને સંપુર્ણ માલીકો - કબ્જેદારો તરીકે મજકુર શખ્સોએ સદર જમીનો અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.

સર્વે નંબર/ બ્લોક નં.	સત્તા પ્રકાર	ખાતા નં.	ક્ષેત્રફળ હે. આરે.ચો.મી.	આકાર રૂા-પૈસા	માલીકો-કબ્જેદારોના નામો
૭૩૪	જુની શરત	૭૨૧	૦-૫૨-૬૪	૩.૯૫	અમરદિપ શામજીભાઇ મુંગરા
૭૩૫	જુની શરત	૭૨૧	૦-૬૮-૮૩	૫.૯૫	લતાબેન શામજીભાઇ મુંગરા

જેથી ઉપરોક્ત જમીન સંદર્ભે કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો. ઓ. બેંક, સહકારી મંડળી, નાણાંકીય સંસ્થા, ખાનગી બેંક, કોઇપણ કંપની, ભાગીદારી પેઢી કે કોઇપણ વ્યકિતનો કોઇપણ જાતનો હક્ક-હીત-હીસ્સો, દરદાવો, લાગભાગ, કોઇના કોઇપણ પ્રકારના સાટાખત, વેચાણ દસ્તાવેજ, કબજા કરાર કે ચાર્જ, બોજો યા લીયન યા ઇઝમેન્ટનાં હક્કો યા અન્ય કોઇપણ હક્કો યા અધિકારો યા લખાણ હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેમના વાંધાઓ તે અંગેના લખાણો કે દસ્તાવેજી પુરાવાઓ નીચેના સરનામે મોકલી આપવા, જો તેમ કરવામાં કસુર થયેથી ઉપરોક્ત જમીન અંગે કોઇપણ ઇસમના રાઇટસ, ટાઇટલ, ઇન્ટરેસ્ટ, હક્ક, હીસ્સા નથી યા હોય તો તે વેવ યાને જતો કરેલા હોવાનું માની અમારા અસીલ ઉપરોક્ત જાહેર નોટીસમાં જણાવેલ સમય વિત્યેથી ઉપરોક્ત જમીનના માલિક પાસેથી કાયદેસરના લખાણો, સાટાખત યા દસ્તાવેજો વિગેરે કરી-કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. વધુમાં, ઉપરોક્ત જમીનનો ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું, જેની હાલની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેશોજી.

ટર્મીશ બી. કણીયા | મીરા ટી. કણીયા
તે ખરીદનારના એડવોકેટસ
ઓફીસ :- ચોથો માળ, ૩૦૪, એસએનએસ હાઉસ-૩, ડીસ્ટ્રીકટ કોર્ટની સામે, અઠવાલાઇન્સ, સુરત.

ખરીદનાર સાવધાન
મોજે ભીમપોર, બ્લોક / સર્વે નં. ૧૦, ખાતા નં. ૩૪૬ તથા ફાયનલ પ્લોટ નં. ૧૫૯ ની જમીન અંગે તા. ૦૮/૧૧/૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી મિલિન એસ. મોદી દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસનો જવાબ તથા કાયદેસરનો વાંધો

આથી જણાવવાનું કે મારા અસીલ શ્રી હેમરાજભાઈ શિવાભાઈ પ્રજાપતિની સૂચના અને તેમના હિતોના રક્ષણાર્થે આપની જાહેર નોટીસના અનુસંધાને નીચે મુજબનો કાયદેસર જવાબ આપવામાં આવે છેઃ

આપના અસીલો દ્વારા મારા અસીલ સાથે થયેલ સાટાખત એકતરફી રીતે રદ કરવાના કરવામાં આવેલ પ્રયાસ સંપૂર્ણપણે ગેરકાયદેસર, મનસ્વી કરારની મૂળભૂત શરતો વિરૂધ્ધ છે. મૂળ સાટાખતની શરતો મુજબ આપના અસીલોને એકતરફી રીતે કરાર રદ કરવાનો કોઈ કાયદેસર અધિકાર નથી. તેથી આવી જાહેર નોટીસ દ્વારા મારા અસીલના કરાર આધારિત હકકો સમાપ્ત કરી શકાય નહીં. જાહેર નોટીસમાં નરેશભાઈ દિનદયાળ સરાંવગી સાથે મારા અસીલે સદર જમીન અંગે સટાખત કરેલ હોવાનો આક્ષેપ તદ્દન ખોટો, પાયાવિહોણો અને હકીકત વિહોણો છે. મારા અસીલ તેમને ઓળખતા પણ નથી અને તેમની સાથે કોઈપણ પ્રકારનો સાટાખત કે વેચાણ વ્યવહાર કરેલ નથી. આથી, આક્ષેપનો સખત શબ્દોમાં ઈનકાર કરવામાં આવે છે તેમજ કબુલ મંજુર નથી.

સદર જમીન નિર્વિવાદ માલિકી ટાઈટલ, માલિકી હકકો, બોજા તથા જરૂરી કાયદેસરના દસ્તાવેજો ઉપલબ્ધ કરવાની જવાબદારી આપના અસીલોની છે. મારા અસીલો દ્વારા સદર વ્યવહાર પેટે સાટાખતમાંદર્શાવેલ રકમ કરતાં વધુ નાણાં ચુકવવામાં આવેલ હોવા છતાં વાસ્તવિક નાણાંકીય વ્યવહાર અને મહત્વપૂર્ણ હકીકતો છુપાવીને જાહેર નોટીસમાં ભ્રામક રજૂઆત કરવામાં આવી છે. મારા અસીલ અને આપના અસીલો વચ્ચે થયેલ મૂળ સાટાખત આજદિન સુધી કાયદેસર રીતે અમલમાં અને અસ્તિત્વમાં છે. મારા અસીલના તમામ કરાર આધારિત હકકો, હિતો તથા દાવાઓ સંપૂર્ણપણે અબાધિત છે. આપના અસીલો દ્વારા એકતરફી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાથી કરાર રદ થયેલો ગણાય નહીં કે મારા અસીલના કાયદેસરના હકકોનો અંત આવતો નથી.

આથી આપના અસીલોને સ્પષ્ટપણે તાકીદ કરવામાં આવે છે કે સદર જમીન અંગે મારા અસીલના હકકો ને અસર થાય તેવો કોઈપણ ત્રાહિત પક્ષ સાથેનો વેચાણ વ્યવહાર, કરાર, હસ્તાંતરણ કે અન્ય કોઈ હિત ઉભું કરવાની કાર્યવાહી કરવામાં આવે નહીં. જો આપના અસીલો દ્વારા મારા અસીલના કાયદેસરના હકકો અને હિતોને નુકશાન પહોંચાડવાનો કોઈપણ પ્રયાસ કરવામાં આવશે અથવા સદર મિલકતનો અન્ય કોઈ ત્રાહિત પક્ષ સાથે વેચાણ, કરાર, હસ્તાંતરણ કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો મારા અસીલ પોતાના હકકોના રક્ષણાર્થે સક્ષમ અદાલત સમક્ષ કરારનો ચોકકસ અમલ કરાવવા, કાયમી તથા વચગાળાનો મનાઈ હુકમ મેળવવા સહિતની તેમજ ક્રિમીનલ અને સિવિલ રાહે તમામ ઉપલબ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. આ ઉપરાંત તેનાથી ઉદ્દભવતા તમામ ખર્ચ, નુકસાન અને કાયદેસરનાં પરિણામો માટે આપના અસીલો સંપૂર્ણપણે જવાબદાર રહેશે, જેની ખાસ નોંધ લેશો.

આથી આપની જાહેર નોટીસમાં કરવામાં આવેલ ખોટા ભ્રામક આક્ષેપોનો સખત વાંધો લેવામાં આવે છે અને મારા અસીલના કરાર આધારિત હકકોને અવગણીને કોઈપણ કાર્યવાહી ન કરવા જણાવવામાં આવે છે. આ જવાબ મારા અસીલના તમામ કાયદેસરના હકકો, દાવાઓ, વાંધાઓ અને ઉપલબ્ધ ઉપાયો અબાધિત રાખીને આપવામાં આવે છે.

મારી મારફત

મારી સૂચનાથી સહી/- હેમરાજભાઈ શિવાભાઈ પ્રજાપતિ
વી.બી.પટેલ (એડવોકેટ)
ઓ. ૩૧૧, રોયલ પ્લાઝા, વેડરોડ, સુરત.

ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડ

FIT INDIA

ગુજરાત સરકારની માલિકીની કંપની
CIN: U75143GJ2015SGC083828
ડીસીએલ ઓફિસ બિલ્ડિંગ, બ્લોક નં.૧૭૭, રે.સ.નં.૧૧૧/એ૧,
મોજે-ખજોદ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
ટેન્ડર નોટીસ (ઓનલાઈન) નં.જીએમ(પી.ડી.)/ડીસીએલ/૦૭/૨૦૨૬-૨૭

ડ્રીમ સિટી લિમિટેડ દ્વારા નીચે દર્શાવેલ કામ માટે માન્ય કોન્ટ્રાકટર/ એજન્સી/ કન્સલ્ટન્ટ પાસેથી https://smctender.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમ	કામની વિગત	કામની સંખ્યા	અંદાજીત રકમ રૂા. લાખમાં
૧	ડ્રીમ સિટી વિસ્તારમાં સી.સી. રોડ ડેવલપ કરવાની કામગીરી માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસ પૂરી પાડવાની કામગીરી (ચોથો પ્રયાસ) અને ડ્રીમ સિટી વિસ્તારમાં આવેલ વિવિધ બિલ્ડીંગ્સનું રીપેરીંગ તેમજ મેઈન્ટેનન્સનું કામ (બીજો પ્રયાસ).	૦૨	૨૪.૬૫

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.
નં.ડ્રીમસિટી/એડ./૦૭/૨૦૨૬-૨૭ જનરલ મેનેજર (પી. એન્ડ ડી.)
તા. ૧૨/૧૧/૨૦૨૬ ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ

SBI

હોમ લોન સેન્ટર–૨ શાખા, દુકાન નં. ૨૧૩–૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત–૩૯૫૦૦૯ ફોનઃ ૯૯૭૮૯૦૧૭૦૫ E-mail - sbi.63692@sbi.co.in

સ્થાવર મિલકતો વેચાણ માટેની ઈ–હરાજી વેચાણ નોટીસ

સિકયોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ્ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬)ને વાંચતા, સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ સૂચના. જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ)અને જામીનદાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર ને ગીરવે મૂકવામાં આવી છે/ ચાર્જ કરવામાં આવી છે, જેનો પ્રત્યક્ષ કબજો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી, સિકયોર ક્રેડિટર્સ દ્વારા લેવામાં આવ્યો છે અને તે ''જેમ છે જયાં છે'', ''જેમ છે જે છે અને જે કંઈ છે'' ના ધોરણે તા.૨૩/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન વેચાણ કરવામાં આવેશે. જે દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (સિકયોર ક્રેડિટર્સ) જે તે સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત કરી શકાય.

ક્રમ. નં.	કરજદારનું નામ	વસુલાતની બાકી રકમ	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂા.) / ઈએમડી (રૂા.)	મિલકતો નિરીક્ષણ માટેની તારીખ અને સમય
૧.	શ્રી કિશોરભાઈ પરસોત્તમભાઈ રૂદાણી અને શ્રીમતિ રંજનાબેન કિશોરભાઈ રૂદાણી. સરનામુઃ ૭૭, સુંદરવન સોસાયટી, પૂણાગામ, માતૃશકિત સોસાયટી નજીક, સુરત.	રૂા.૧૯,૯૫,૪૪૮/– જે તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200031990596. પ્લોટ નં. ૪૨, મારૂતિધામ રેસીડેન્સી, ઓપેરા હાઉસ નજીક, નનસાદ રોડ, રેવન્યુ સર્વે નં. ૨૯૨/૧, બ્લોક નં. ૨૭૬, કામરેજ ગામ, સુરત. કબજોઃ પ્રત્યક્ષ.	૧૩,૩૪,૦૦૦/– / ૧,૩૩,૪૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન
૨.	નિતિનભાઈ અજયભાઈ તિવારી. સરનામુઃ બી–૪૨૯, ગ્રીનપાર્ક– ૨, હલધરૂ થી કામરેજ રોડ, હલધરૂ ગામ નજીક, હલધરૂ, સુરત–૩૯૪૩૧૦.	રૂા.૧૨,૪૩,૪૪૦/– જે તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200071437761. શિવ રેસીડેન્સી પ્લોટ નં. ૦૫, શુભમ રેસીડેન્સીની બાજુમાં, એરા નીલકંઠ ઈન્ટરનેશનલ સ્કુલ નજીક, હલધરૂ રોડ, તાલુકો– કામરેજ, સુરત– ૩૯૪૩૧૦. કબજોઃ પ્રત્યક્ષ.	૧૦,૫૩,૦૦૦/– / ૧,૦૫,૩૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન
૩.	શ્રી સંતોષસિંહ ગોરધનસિંહ રાજપુરોહિત. સરનામુઃ ફ્લેટ નં. એન–૫૦૪, શ્રી રાધાપુરમ રેસીડેન્સી, પાણીની ટાંકી નજીક, વરેલી, સુરત કડોદરા રોડ, વરેલી ગામ, સુરત–૩૯૪૧૪૦.	રૂા.૧૩,૦૬,૩૫૨/– જે તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN0200011695342. ફ્લેટ નં. ૫૦૪, શ્રી રાધાપુરમ રેસીડેન્સી, બ્લ્યુ ડેલ ઈંગ્લિશ સ્કુલ નજીક, સુરત બારડોલી રોડ ની બાજુમાં, વરેલી, પલસાણા, સુરત– ૩૯૪૩૨૭. કબજોઃ પ્રત્યક્ષ.	૯,૩૧,૦૦૦/– / ૯૩,૧૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન
૪.	શેહજાદ હબીબ કુરેશી. સરનામુઃ બી–૫૭, ગુજરાત હાઉસીંગ બોર્ડ કોલોની, મીઠી ખાડી, લિંબાયત, સુરત– ૩૯૪૨૧૦.	રૂા.૧૯,૮૦,૭૬૯/– જે તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN0200039320265. સી–૪૦૪, સ્વપ્નકુંજ એપાર્ટમેન્ટ, ગોલ્ડન ફ્લેટસની બાજુમાં, ભેસ્તાન રેલ્વે સ્ટેશન નજીક, સુરત– પલસાણા રોડ, ભેસ્તાન, સુરત–૩૯૫૦૨૩. કબજોઃ પ્રત્યક્ષ.	૯,૨૦,૦૦૦/– / ૯૨,૦૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન
૫.	કમલેશ હસરાજ પરોહિત. સરનામુઃ ૬૦૨, નંદન એન્કલેવ પૂર્વે, ગોર્વધન હવેલી નજીક, ડુમસ રોડ, પીપલોદ, સુરત–૩૯૫૦૦૭.	રૂા.૧૨,૩૦,૩૦૩/– જે તા.૧૫/૦૪/૨૦૧૯ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN0200039346080. બી/૬ ફ્લેટ નં. ૪૦૨, ગોકુલધામ રેસીડેન્સી, ઉમંગ ફ્લેટ નજીક, સચીન –કનસાડ રોડ, કનસાડ, તાલુકો– ચોર્યાસી, સુરત–૩૯૪૨૩૦. કબજોઃ પ્રત્યક્ષ.	૬,૫૬,૦૦૦/– / ૬૫,૬૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન
૬.	૧. શ્રીમતિ જ્યોતિબેન મનસુખલાલ ખીલોચીયા, ૨. શ્રી સચીન મનસુખલાલ ખીલોચીયા, ૩. શ્રી મનસુખલાલ મગનલાલ ખીલોચીયા, સરનામુઃ પ્લોટ નં. ૮૨/એ, નવી સરોલી નગરી, સણીયા હેમાદ રોડ, કડોદરા ગામ, સુરત– ૩૯૪૩૨૭.	રૂા.૧૬,૫૪,૧૬૦/– જે તા.૩૧/૦૮/૨૦૧૯ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN0100000176807. ફ્લેટ નં. ૧૦૩, પહેલો માળ, ટાવર– બી, વિવેક રેસીડેન્સી, સણીયા હેમાદ ગામ નજીક, સણીયા હેમાદ, સુરત– ૩૯૫૦૦૬. કબજોઃ પ્રત્યક્ષ.	૧૧,૮૦,૦૦૦/– / ૧,૧૮,૦૦૦/–	તા.૨૧/૧૧/૨૦૨૬ બપોરે ૦૩.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન

આ ઈ–હરાજી બેંકના માન્ય પ્રપ્ત મેસર્સ એસઆઈએસએલ ઈન્ફોટેક પ્રા.લિ. દ્વારા તેમના વેબ પોર્ટલ https://baanknet.com. પર કરવામાં આવશે, રસ ધરાવતા બોલી લગાવનારાઓએ ખાતરી કરવી પડશે કે તેઓ ઈ–હરાજી વેબસાઈટ પર નોંધણી કરાવે અને https://baanknet.com પર આપેલી માર્ગદર્શિકા અનુસાર સેવા આપનાર દ્વારા બનાવેલા વર્ચ્યુઅલ વોલેટમાં બાનાના પૈસા જમા કરાવે. રસ ધરાવતા બોલી લગાવનારાઓ જેમને લોગિન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા બિડ દસ્તાવેજો સબમિટ કરવા, તાલીમ/પ્રદર્શન, ઓનલાઈન ઈન્ટર–રો બિડીંગના નિયમો અને શરતો વગેરે માં સહાયની જરૂર હોય, તેઓ વેબસાઈટ https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે.

વેચાણ માટે વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડિટરની વેબસાઈટ https://baanknet.com લિંક નો સંદર્ભ લો. સરફેસી એકટ ના નિયમ ૮(૬) હેઠળ વૈધાનિક સુચનાઃ આ સરફેસી એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ઉપરોકત લોનના કરજદાર/જામીનદારને ઉપરોકત તારીખેના રોજ સિકયોર્ડ મિલકતના વેચાણ માટે હરાજી થશે, તે અંગેની સુચના પણ છે.

પૂછપરછ માટે સંપર્કઃ કિશોર પટેલ, મુખ્ય પ્રબંધક મેન્ટેનન્સ (એચએલસી ર–૬૩૬૯૨), મોબાઈલ નં. ૭૬૦૦૦૧૯૫૪૪, દર્શના ગણવીત, મોબાઈલ નં. ૬૩૫૧૪૧૪૦૭૪, રાહુલ દેવનાણી, મોબાઈલ નં. ૮૨૦૦૭૧૧૦૫૭

તારીખ : ૧૩/૧૧/૨૦૨૬ સહિ/– અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર–૨, સુરત.
(ગુજરાતી અનુવાદ એ અસલ અંગ્રેજી ભાષાનું છે. કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે.)

નામ બદલેલ છે.

મારું જુનુ નામ ભારતીબેન મુકેશકુમાર મહેતા હતું. જે નામ બદલીને નવું નામ ભારતી મુકેશકુમાર મહેતા રાખેલ છે. (જેઓ પારસ મુકેશકુમાર મહેતાના માતા છે અને જેમની ઉંમર ૬૮ વર્ષ છે) જેની સર્વે નોંધ લેવી.

લિ. ભારતી મુકેશકુમાર મહેતા
સરનામું : A-102, રાજવી કોમ્પ્લેક્સ, પ્રજાપતિ આશ્રમની બાજુમાં, બિલીમોરા - ૩૯૬૩૨૧

મોજે : વેસુના બ્લોક/સર્વે નં.૩૮૬ થી નોંધાયેલી જમીન જેનું ક્ષેત્રફળ હે.૧–૪૬ આરે–૦૦ ચો.મી., આકાર રૂા.૨૨.૭૫ પૈસા, ખાતા નં.૭૮૨, જેનો ટી.પી.સ્કીમ નં.૨૮ (વેસુ–રૂંઢ –મગદલ્લા) ના ફા.પ્લોટ નં.૪૫, જેનું ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૯૪૯૦ ચો.મી. છે તે જુની શરતની જમીન અંગે ખરીદનારના એડવોકેટ તરીકે તા.૦૭/૧૧/૨૦૨૬ ના રોજ દિવ્યભાસ્કર દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ જે જાહેર નોટીસ અનુસંધાને હમોના અસીલ તરફે જાહેર ખુલાસો

આથી જણાવવાનું કે, તા.૦૭/૧૧/૨૦૨૬ ના રોજ એડવોકેટ દિનેચશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસીએટસ મારફતે દિવ્યભાસ્કર દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નોટીસ સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ગામ વેસુના બ્લોક / સર્વે નં.૩૮૬ થી નોંધાયેલી જમીન જેનું ક્ષેત્રફળ સુમારે હે.૧–૪૬ આરે ૦૦ ચો.મી., આકાર રૂા.૨૨.૭૫ પૈસા, ખાતા નં.૭૮૨, જેનો ટી.પી.સ્કીમ નં.૨૮ (વેસુ–રૂંઢ–મગદલ્લા) ના ફા.પ્લોટ નં.૪૫, જેનું ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૯૪૯૦ ચો.મી. છે તે જુની શરતની જમીન અન્વયે હાલના માલિકો મનહરભાઈ ભાણાભાઈ વિગેરે નાઓ ચાલી આવેલ હોવાનું જણાવી વેચાણ અંગેની જાહેર નોટીસ આપેલ છે, જેમાં સદર જમીનમાં હમારા અસીલ હરીશભાઈ સુખાભાઈ પટેલ ના મર્હુમ માતા સોનાબેન જેરામભાઈ નાથાભાઈની છોકરીની વારસાઈ હકકે ચાલી આવેલ. સદર જમીનના મુળ માલિક એવા જેરામભાઈ નાથાભાઈ નાઓના પ્રથમ પત્નિ જીવીબેન જેરામભાઈ તથા તેમના વારસદારો (૧) સોનાબેન જેરામભાઈ (૨) રામીબેન જેરામભાઈ નાઓ ચાલી આવેલ છે જ્યારે તેઓની બીજી પત્નિ પાનીબેન જેરામભાઈ તથા તેમના વારસદારો (૧) નવીનભાઈ ઉર્ફે નવલભાઈ જેરામભાઈ (૨) બાબુભાઈ જેરામભાઈ નાઓએ ખોટી વારસાઈ કરાવી જેરામભાઈના સીધીલીટીના વારસદાર એવા જેરામભાઈની પત્ની થકીના વારસદરો એવા હમોના અસીલની સાથે છેતરપીડી કરી તેઓના વણવહેંચાયેલો ૫૦% હિસ્સો સદર જમીનમાં ચાલી આવેલ હોવા છતાં બીજી પત્નિના વારસોએ ખોટા પેઢીનામા થકી તેઓના નામો દાખલ કરાવી પાંચીયાભાઈને જમીન વેચાણ કરી દિધેલ હોય, જે હમારા અસીલને બંધનકર્તા થતું ન હોય, જે અંગેનો વેચાણ દસ્તાવેજ રદ કરાવવા અંગે અને હદ–હુદીથી વહેંચણ મેળવવા અંગેનો તથા અન્ય દાદ મેળવવા માટેનો દાવો કરનાર છે, જેનો તમામ ખર્ચ અને પરીણામ તમારા અસીલે ભોગવવાનો આવશે, જેની સ્પષ્ટ સમજ તમારા અસીલને કરશોજી અને તે અંગેની જાહેર જનતાએ નોંધ લેવી. જેથી સદર જમીન કોઈએ પણ વેચાણ, ટ્રાન્સફર કરવી – કરાવવી નહી, જો કોઈ ઈસમ સદર જમીન વેચાણ કે ટ્રાન્સફર કરાવશે તો તે હમારા અસીલને બંધનકર્તા થતું નથી અને હમારા અસીલ સાથે તકરાર સિવાય બીજુ કોઈ તેઓને પ્રાપ્ત થશે નહી, જેની જાહેર જનતા તથા નોટીસ આપનાર એડવોકેટ દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટસ નાઓને આ જાહેર ખુલાસા થકી જાણ કરવામાં આવે છે અને હમારા અસીલ પોતાના હકક અંગેનો દાદ માંગતો દાવો દાખલ કરનાર છે, તે જાણશો.

અસીલની સુચનાથી હરીશભાઈ સુખાભાઈ પટેલ

અમારી મારફત **જરીવાલા એસોસિએટ**
શ્રીકાંત એચ. જરીવાલા માધવ એસ. જરીવાલા
એડવોકેટ્સ
ઓફીસ : કે–૧, એ–બ્લોક, પહેલો માળ, મન મંદિર એપાર્ટમેન્ટ, ધી સુરત પીપલ્સ બેંકની સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧